દાખલ તારીખ :–૧૧/૧૦/૨૦૨૨.
નોંધ્યા તારીખ :–૧૧/૧૦/૨૦૨૨.
ફેંસલ તારીખ :–૧૪/૧૦/૨૦૨૨.

# મોરબી જીલ્લાના સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,મુ.મોરબી.

**ફોજદારી પરચુરણ અરજી નં.૮૯૨/૨૦૨૨.**
**આંકઃ–૦૫.**

**અરજદાર :–** **દિપકસિંહ ખોડુભા વાઘેલા,**
ઉ.વ.૩૨, ધર્મે–હિન્દુ,ધંધો–વેપાર,
રહે.નાની બજાર,મોરબી.
હાલ સબજેલ,મોરબી.
**વિ રુ ધ્ધ**

**સામાવાળાઃ** **ધી સ્ટેટ ઓફ ગુજરાત,**

બાબતઃ– મોરબી તાલુકા પોલીસ સ્ટેશન " સી " પાર્ટ ગુ. ર. નં.૧૧૧૯૦૦૫૨૨૧૫૭૫/ ૨૦૨૨, પ્રોહી કલમઃ– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૮૬ મુજબ ના ગુન્હા કામે સી. આર. પી. સી. ની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી જે.આર.જાડેજા.**

**સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન સ્પે.પી.પી. શ્રી ડી.એચ.પંડયા.**

---

## –:: ચુ કા દો ::–

**(૧)** અરજદાર/આરોપીનાએ તેઓ સામે નોંધાયેલ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન " સી " પાર્ટ ગુ. ર. નં.૧૧૧૯૦૦૫૨૨૧૫૭૫/ ૨૦૨૨, પ્રોહી કલમઃ– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૮૬ મુજબ ના ગુન્હા કામે સી. આર. પી. સી. ની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી કરેલ છે.

**(૨)** ગુન્હાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણું કરી આરોપી નં.૪ વાળાએ ભાડેથી રાખેલ ગોડાઉનમાં આરોપી નં.૧ થી ૩ વાળાઓએ પરપ્રાંતમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી ગોડાઉનમાં તેનો સંગ્રહ કરી વેચાણ/હેરાફેરી કરતા આરોપીના કબજા ભોગવટા વાળા ગોડાઉનમાંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની કાચની કંપની સીલ પેક કુલ બોટલો નંગ–૮૯૮૮ કિ.રૂા.૪૦,૫૧,૮૦૦/– નો મુદામાલ વેચાણ/હેરાફેરી કરવાના આશયથી રાખી આરોપી નં.૪ મુદામાલ સાથે હાજર મળી આવી તથા આરોપી નં.૧, ૨

તથા ૩ ના હાજર નહી મળી ગુન્હો કરેલાનો આક્ષેપ છે. તેમજ આ કામના અરજદાર/આરોપી પોતે પોતાના મીત્ર મારફતે તેના મીત્રના નામે ભાડા કરાર કરાવી ભાડેથી રાખી પ્રથમ પોતે વાપરી તેમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો ઉતારી પોતે અટક કરવાના બાકી આરોપી સાથે ભળી પોતાના આર્થીક ફાયદાસારુ આ ગોડાઉને મોટા પ્રમાણ માં દારૂનો જથ્થો મંગાવનાર તથા દારૂ ભરેલ ગાડી આવે ત્યારે સહ આરોપી સાથે પોલીસનું ધ્યાન રાખી ચોકીદારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી જે.આર.જાડેજા નાઓએ દલીલ કરી જણાવેલ છે કે, હાલના કામે અરજદારની સામે ઉપરોકત ફરીયાદ નોંધાતા તેઓની સદર ગુન્હા કામે ઘરપકડ કરતાં નીચેની અદાલતમાં જામીન અરજી કરેલ જે અરજી નીચેની કોર્ટે નામંજુર કરેલી ત્યારથી અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં જેલહવાલે છે. ત્યારબાદઅરજદાર ધ્વારા હાલની પ્રથમ વખતની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી કરવામાં આવેલ છે. આ કામના અરજદારે કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી કે તેઓ કહેવાતા ગુન્હા અંગે કશુ જાણતા નથી. આ કામના અરજદાર બનાવવાળા સ્થળે હાજર ન હતા તેમજ તેઓના કબ્જામાંથી કોઈ મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી આ કામના અરજદારે કોઈ રેકી કરેલ નથી તેમ છતાં તેઓને સદર ગુન્હામાં ખોટીરીતે સંડોવી દીધેલ છે. આ ગુન્હાના આરોપી ચેતનસિંહ રવિન્દ્રસિંહ ચૌહાણને સેશન્સકોર્ટે ફો.પ.અ.નં.૮૭૭/૨૦૨૨ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલા તે આરોપીનો રોલ તથા હાલના અરજદાર/આરોપીનો રોલ સમાન પ્રકારનો હોય પેરીટીના ગ્રાઉન્ડ હેઠળ જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. અરજદાર/આરોપી મોરબી જીલ્લાના રહેવાસી છે તેથી કયાંય નાશી ભાગી જાય તેમ નથી. આ કામની ટ્રાયલ ચાલતા દરમ્યાન તેઓ નિયમીત રીતે મુદત હરોળ માં નામદાર કોર્ટમાં હાજર રહેશે. ફરીયાદપક્ષ ના સાહેદોને કોઈપણ પ્રકાર ની લાલચ, ધાક, ધમકી કે પ્રલોભન આપી તેઓને તોડવા ફોડવા કોઈ પ્રયાસ કરીશે નહી. જેથી અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવા માં ગણી કરેલ છે.

(૪) અરજદારના વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબનો ચુકાદાઓ રજુ રાખેલ છે.

(૧) ૨૦૧૨(૦) જી.એલ.એચ.ઈ.એલ.–એસ.સી.–૫૦૮૪૩,મૌલાના મહમદ અમીર



*Sessions Judge*
*Morbi.*

રશદી વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ,

(૨) ક્રિ.મીસ.એપ્લીકેશન નં.૧૪૭૫/૨૦૧૧, રમેશભાઈ બતુભાઈ ડાભી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,

(૩) ક્રિ.મીસ.એપ્લીકેશન નં.૩૧૧૭૩/૨૦૧૭, અરવિંદભાઈ નાજાભાઈ મારૂ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,

ઉપરોકત ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો આ જામીન અરજીનો નિર્ણય કરવા માટે ધ્યાને રાખેલ છે.

**(૫)** સરકારશ્રી તરફે વિધ્વાન સ્પે.પી.પી.શ્રી ડી.એચ.પંડયા નાઓએ દલીલ કરી જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારનાઓએ આંક–૦૪ થી એફીડેવીટ રજુ કરી ગુન્હાની હકીકત તથા અરજદાર/આરોપીને જામીન ઉપર નહી છોડવા બાબતની વિગતો જણાવેલ છે. તેમજ તેઓએ દલીલ કરેલ છે કે, સદર ગુનાના કામે ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની કાચની કંપની સીલ પેક કુલ બોટલો નંગ–૮૯૮૮ કિ.રૂા.૪૦,૫૧,૮૦૦/– નો મુદામાલ ગોડાઉનમાંથી મળી આવેલ છે. આ કામના અરજદાર/આરોપી પોતે પોતાના મીત્ર મારફતે તેના મીત્રના નામે ભાડા કરાર કરાવી ભાડેથી રાખી પ્રથમ પોતે વાપરી તેમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો ઉતારી પોતે અટક કરવાના બાકી આરોપી સાથે ભળી પોતાના આર્થીક ફાયદાસારુ આ ગોડાઉને મોટા પ્રમાણ માં દારૂનો જથ્થો મંગાવનાર તથા દારૂ ભરેલ ગાડી આવે ત્યારે સહ આરોપી સાથે પોલીસનું ધ્યાન રાખી ચોકીદારી કરી ઉપરોકત ગુન્હો આચરેલ છે.સદર ગુનાની તપાસ હાલ ચાલુ છે. તેવા સંજોગોમાં તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના ફરીયાદી,સાહેદો તથા પંચોને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે–કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

**(૬)** અરજદારની જામીન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક–૦૪ ની એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. આરોપીના વિ.વ.શ્રી તથા વિ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

**(૮)** અરજદાર પક્ષની રજુઆત મુજબ, આ ગુન્હાના આરોપી ચેતનસિંહ રવિન્દ્રસિંહ

ચૌહાણને સેશન્સકોર્ટે ફો.પ.અ.નં.૮૭૭/૨૦૨૨ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલા તે આરોપીનો રોલ તથા હાલના અરજદાર/આરોપીનો રોલ સમાન પ્રકારનો હોય પેરીટીના ગ્રાઉન્ડ હેઠળ જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. આ કામે રજુ થયેલ પોલીસ પેપર્સ વંચાણે લેતાં, આ કામના આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણું કરી, આરોપીઓ પૈકી અરજદાર/આરોપીએ પકડાયેલ અંગ્રેજી દારૂનો જથ્થો જે ગોડાઉનમાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના પર પ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની કાચની કંપની સીલ પેક કુલ બોટલો નંગ–૮૯૮૮ કિ.રૂા.૪૦,૫૧,૮૦૦/– નો મુદામાલ મળેલ તે ગોડાઉન પોતાના મીત્ર મારફતે તેમના મિત્રના નામે ભાડા કરાર કરાવી ભાડેથી રાખી પ્રથમ પોતે વાપરી તેમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો ઉતારી પોતે અટક કરવાના બાકી આરોપીઓ સાથે ભળીને પોતાના આર્થીક ફાયદા સારુ આ ગોડાઉને દારૂનો જથ્થો આવે ત્યારે સહ આરોપી ચેતનસિંહ ચૌહાણ સાથે પોલીસનું ધ્યાન રાખી ચોકીદારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. સદરહું દારૂનો જથ્થો ગુન્હા કામે પોલીસ ધ્વારા સ્થળપરથી કબ્જે કરવામાં આવેલ છે. દારૂનો મુદામાલ મંગાવનાર તરીકે અરજદાર/આરોપી હોવાનું જણાતું નથી. જેથી આરોપી ચેતનસિંહ ચૌહાણ નો રોલ ધ્યાને લેતાં તેમજ હાલના અરજદાર/આરોપીનો ગુન્હામાં રોલ ધ્યાને લેતાં સમાન પ્રકારનો જણાતો હોય, હાલના અરજદાર/આરોપી પેરીટીના ગ્રાઉન્ડ હેઠળ જામીન ઉપર મુકત થવા હકકદાર હોવાનું જણાય છે. અરજદાર/ આરોપી મોરબી જીલ્લાના રહેવાસી છે નાશી ભાગી જાય તેમ હોવાનું જણાતું નથી. તેઓ ફરીયાદપક્ષ ના સાહેદોને ધાક ધમકી, લાલચ પ્રલોભન ન આપે તે સારું યોગ્ય શરતો મુકવી યોગ્ય જણાય છે.

(૮) ઉપરોકત ચર્ચા મુજબ ગુન્હાની હકીકત, અરજદાર/આરોપીનો રોલ તેમજ આરોપીના રહેઠાણની હકીકત ધ્યાને લેતાં આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાશે તેમ માની નીચે મુજબ આખરી હુકમ કરું છું.

**–:હુકમ:–**

(૧) અરજદારની આ રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) મોરબી તાલુકા પોલીસ સ્ટેશન " સી " પાર્ટ ગુ. ર. નં.૧૧૧૮૯૦૦૫૨૨૧૫૭૫/૨૦૨૨, પ્રોહી કલમઃ– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૮૬ મુજબના ગુન્હા કામે



*Sessions Judge
Morbi.*

અરજદાર/આરોપી **દિપકસિંહ ખોડુભા વાઘેલા** નાઓ રૂા.૧૦,૦૦૦/– (અંકે રુપીયા દસ હજાર પુરા) નો જાત મુચરકો તથા તેટલી જ રકમ ના જામીન નીચેની કોર્ટ સમક્ષ આપેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

**:૧:** અરજદાર/આરોપીનાએ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિતપણે કોર્ટમાં હાજર રહેવું.

**:૨:** અરજદાર/આરોપીનાએ ફરીયાદપક્ષ ના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

**:૩:** અરજદાર/આરોપીનાએ કેસનો નિકાલ ન થાય ત્યાંસુધી આ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશ ની હદ છોડવી નહી.

**:૪:** અરજદાર/આરોપીનાએ પોતાના હાલના તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઈલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઈ ફેરફાર થાય તો તેની લેખીતમાં જાણ અત્રેની કોર્ટને કરવી.

**:૫:** અરજદાર/આરોપીનાઓ જો પાસપોર્ટ ધરાવતાં હોય તો તે જામીન મુકત થયા બાદ દિન–૭(સાત) માં અત્રેની કોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે. અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

**:૬:** અરજદાર/આરોપીને તપાસ કરનાર અમલદાર જયાં અને જયારે બોલાવે ત્યારે ત્યાં અને ત્યારે હાજર રહી ગુન્હાની તપાસમાં સંપુર્ણ સહકાર આપવાનો રહેશે.

**:૭:** અરજદાર/આરોપીએ આ ગુન્હાની ચાર્જશીટ કોર્ટમાં રજુ થાય ત્યાં સુધી દરેક માસની ૧ લી અને ૧૫ મી તારીખે સવારે ૯–૦૦ થી ૧૨–૦૦ દરમ્યાન સબંધીત પોલીસ સ્ટેશને નિયમીત હાજરી પુરાવવાની રહેશે

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર/આરોપી ભંગ કરશે તો, જામીન અંગે કરેલો હુકમ રદ ગણવામાં આવશે.

આ હુકમની જાણ સબંધીત કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ તારીખઃ–૧૪ મી માહેઃ–ઓકટોબર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**( પિનાકીન ચંદ્રકાંત જોષી)**
**સેશન્સ જજ, મોરબી.**
**UID NO.GJ00334**

**// J.J.S //**